# 10મીએ GNLUમાં નિવૃત ન્યાયાધીશ રંજન ગોગોઈનું લેક્ચર

સિટી રિપોર્ટર | ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી(જીએનએલયુ)માં 10 ફેબ્રુઆરીએ બપોરે 1 વાગ્યે 'રિ-બિલ્ડિંગ ધ જ્યુડિશિયલી: નેશન બિલ્ડિંગ' વિષય પર લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉપરોક્ત વિષય પર સુપ્રીમ કોર્ટના નિવૃત મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈ હાજરી આપીને જાહેર પ્રવચન આપશે. આ કાર્યક્રમમાં રાજ્યના સી. એમ. વિજય રૂપાણી પણ હાજરી આપીને સંબોધન કરશે. જીએનએલયુ અને ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા સ્થાપિત ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન વચ્ચે એક એમઓયુ પણ સાઈન કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે 'રિ-બિલ્ડિંગ ધ જ્યુડિશિયલી: નેશન બિલ્ડિંગ' વિષયમાં વક્તાઓ દ્વારા ભારત દેશના વિકાસમાં કેવી રીતે કાયદો અને વ્યવસ્થા ભાગ ભજવી શકે છે તે અંગે નિષ્ણાંતો દ્વારા પોતાના મંતવ્યો રજૂ કરશે. આ લેક્ચર જાહેર જનતા માટે નિ:શૂલ્ક રહેશે. સુપ્રિમ કોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈને સાંભળવામાં માટે ગુજરાત હાઈકોર્ટના કેટલાક જાણીતા વકીલો પણ હાજર રહેશે. આ સેશન વિદ્યાર્થીઓ માટે એક લર્નિંગ પ્રોસેસ સમાન રહેશે.